**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ,**
**છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**
**જાહેર વિજ્ઞપ્તિ**

નીચેના સંદર્ભમાં:

ઉપરોકત અરજદાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૧ દ્વારા કેઇસ નં. ૧૬૯૯/૨૦૧૮ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૧૬-૧૭ ના ટ્રુ-અપ, તથા વર્ષ ૨૦૧૮-૧૯ માટે વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) વિનિયમનો ૨૦૧૬ અંતર્ગત કરેલ છે.

**અરજદાર**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ.), વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪ ૦૦૧ , એ રાજયના ઉત્તર ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત**

કંપની દ્વારા બહુવર્ષિય વીજદર નિયમનો હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેના ટ્રુ-અપ, તથા વર્ષ ૨૦૧૮-૧૯ ના વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે હૈયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી, પરંતુ વીજદરના માળખામાં નીચે મુજબ ફેરફાર સૂચવેલ છે.

- નોન-આરજીપી થી નોન-આરજીપી નાઇટ, એલટીએમડી થી એલટીએમડી નાઇટ અને એચટીપી-૧ થી એચટીપી-૪ નાઇટમાં ફેરબદલ કરવા માટેની જોગવાઇ નં. ૭ માં 'AND' ના બદલે 'OR' સુધારો સૂચવેલ છે.
- નોન-આરજીપીના ગ્રાહક દ્વારા એલટીએમડી વીજદર પસંદ કરવા માટેની જોગવાઇમાં ''કરારીત વીજભાર ૧૫ કિવો અને વધુ'' ઉમેરવાનું સૂચવેલ છે.
- વીજબીલના જુદા-જુદા ઘટક પર વિવિધ પ્રકારના કર વસૂલવાના મુદ્દાને ધ્યાનમાં લેતા મીટરદરને નિયત દરમાં મર્જ કરવા સૂચવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂા.૧.૪૯ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

- ઉપરોકત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામુ ૨૦૦૪ ની જોગવાઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોકત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૧૯.૦૨.૨૦૧૮ સુધીમાં પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે.તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે અને તેઓ રૂબરૂ રજૂઆત કરવા ઇચ્છે છે કે કેમ તે દર્શાવવાનુ રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે:**

ઉપરોકત દરખાસ્તની નકલો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિસનગર રોડ, મહેસાણાની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી માં રૂા ૧૪૫/- (રૂા.એકસો પિસ્તાલીસ પૂરા) પ્રતિ નકલ ભરપાઇ કરવાથી મળી શકશે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા.૫૦/- (રૂા. પચાસ પુરા ) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.

ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.ugvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

**તારીખ: ૨૦.૦૧.૨૦૧૮** **(બી.એ.શાહ) આઇ.એ.એસ.**
**સ્થળ: મહેસાણા** **એમડી(યુજીવીસીએલ)**